# ખોવાયેલું પાકીટ

એક દીવસ હું ઘરે આવતો હતો, ત્યારે રસ્તામાં મેં કોઈનું પડેલું પાકીટ જોયું. જેનું હોય તેને પહોંચાડી દઉં, એમ માની મેં લીધું, પણ પહોંચાડવું કોને? તેના માલીકનું ઠેકાણું તો જાણવું જોઈએ ને ! પાકીટ લઈને મેં ઉઘાડ્યું. તેમાંથી ચાર ડૉલરની નોટો નીકળી. બીજું કાંઈ પાકીટમાં નહોતું. મેં વધુ થોડું ફંફોસ્યું, તો અંદર એક નાનું ખાનું હતું અને તેમાંથી એક કાગળ મળ્યો. તે કોઈનો એક નાનકડો પત્ર હતો. કાગળ બહુ જુનો લાગતો હતો અને સાવ ચોળાઈ ગયેલો. એ પત્ર તે પાકીટમાં વર્ષોથી પડેલો હશે.

કોઈનો પત્ર તો કેમ વંચાય? પણ પાકીટ તેના માલીકને પહોંચાડવું હોય, તો કાંઈક ઠામ-ઠેકાણું તો શોધવું જ પડે ને ! એટલે મેં પત્ર લીધો. જોયું તો તેના ઉપર તારીખ ત્રીસેક વરસ પહેલાંની હતી અને મોકલનારનું સરનામું પણ હતું. પત્ર 'મારા વહાલા માઈકલ'--એવા સંબોધન સાથે હતો અને તેમાં માત્ર એટલું લખ્યું હતું કે, 'તું મને ભુલી જજે. હવે હું તનેક્યારેય નહીં મળું. આપણાં લગ્ન મારા માતા-પીતાને મંજુર નથી. એમણે તને મળવાનીયે મને બંધી કરી દીધી છે. સદાકાળ હું તને ચાહતી રહીશ.' અને છેલ્લે સહી હતી--'તારી, બસ તારી જ, માર્ગારેટ.'

વાંચીને હું સ્તબ્ધ થઈ ગયો. ત્રીસ વરસ પહેલાંનો એક પ્રેમપત્ર, જો કે પ્રેમભંગનો પત્ર, છતાં આ માણસે હજી સાચવી રાખ્યો છે! પાકીટ તો ઠીક, આ પત્ર મારે તેને પહોંચાડવો જોઈએ, પણ કેવી રીતે પહોંચાડું? માઈકલ કે જેના પરનો આ પત્ર છે અને જેનું આ પાકીટ છે, તેનું કોઈ ઠામ-ઠેકાણું તો છે નહીં. હા, પત્ર લખનાર માર્ગારેટનું ઠેકાણું છે, પણ તેય ત્રીસ વરસ પહેલાંનું. હવે તે ત્યાં હશે? અને તે પણ હવે માઈકલનો પત્તો જાણતી હશે? છતાં લાવ, કોશીશ તો કરું.

પત્રમાંના સરનામે હું પહોંચી ગયો. માર્ગારેટ તો ત્યાં નહીં મળ્યાં, પણ અત્યારે તે મકાનમાં રહેતાં હતાં તે બહેને મને કહ્યું કે 'વીસેક વરસ પહેલાં અમે આ મકાન જેમની પાસેથી ખરીદ્યું, એમની એક દીકરી હતી, જેનું નામ માર્ગારેટ હતું. માર્ગારેટ સાસુન હૉસ્પીટલમાં કામ કરતી અને હૉસ્પટિલના ક્વાર્ટર્સમાં રહેતી. આ મકાનનાં માલીકો પોતાની દીકરી સાથે રહેવા જવાનાં હતાં, એટલું મને યાદ છે.'

મેં હૉસ્પીટલનો સંપર્ક કર્યો, તો જાણવા મળ્યું કે માર્ગારેટ તો હવે નોકરીમાંથી નીવૃત્ત થઈ ગયાં છે, પણ હજી અહીં ક્વાર્ટર્સમાં રહે છે. બસ, મને આટલું જ જોઈતું હતું. હું ત્યાં પહોંચ્યો.

બારણું ઉઘાડ્યું. મારી સામે એક ઉંમરલાયક બહેન ઉભાં હતાં. વાળ તો બધા ધોળા થઈ ગયેલા, પણ ચહેરો સુંદર લાગતો હતો અને તેના ઉપર તેજ હતું.

ઘડીભર એમની સામે જોતાં રહી મેં પુછ્યું, 'તમે જ માર્ગારેટ ને?'

'હા, અંદર આવો ને !'

અમે અંદર જઈ બેઠાં. મેં ખીસામાંથી પેલો પત્ર કાઢી એમના હાથમાં મુક્યો. એમના મોઢા પર અનેરી ચમક આવી ગઈ.

'અરે બેટા, આતો મારો જ પત્ર. માઈકેલ સાથેનો આ છેલ્લો સંપર્ક. તને ક્યાંથી મળ્યો? તું માઈકેલને ઓળખે છે? માઈકેલ હજી જીવે છે? ક્યાં છે?'

મેં માંડીને રસ્તેથી મને મળેલા પાકીટની બધી વાત કહી, પાકીટ તેમના હાથમાં મુક્યું. એ માઈકેલનાં મધુર સ્મરણોમાં ખોવાઈ ગયાં....

'માઈકેલ....મારો માઈકેલ!....હું હજીયે એને ભુલી નથી....પછી મેં લગ્ન પણ ન કર્યાં. માઈકેલ જેવો બીજો કોણ મળે?...દીકરા, આ પાકીટના માલીકને શોધી કાઢ!..'

તેવામાં એમની કામવાળી આવી. પેલા પાકીટ ઉપર એની નજર પડી કે એ ચમકી ઉઠી.

' લાવો તો! આ પાકીટ તો અમારા માઈકેલદાદાનું. હું બરાબર ઓળખું ને! એમનું આ લાલ રીબનવાળું જુના જમાનાનું પાકીટ. કહેતા હતા કે મારું પાકીટ ગુમ થયું છે. પૈસા તો એવા નથી, પણ એમાં મારી ખાસ ચીજ છે. '

અમે બેઉ તેની સામે જોતાં જ રહ્યાં.

' તું એમને ઓળખે છે? '

' કેમ નહીં ? પેલા વૃદ્ધાશ્રમમાં રહે છે, હું ત્યાં પણ કામ કરું ને! '

હું તુરત તેને લઈને વૃદ્ધાશ્રમમાં પહોંચ્યો. માઈકેલના વાળ પણ ધોળા થઈ ગયેલા. મેં એમના હાથમાં પાકીટ મુક્યું. પાકીટ જોઈને એવા તો ખુશ-ખુશ થઈ ગયા! ઝટઝટ ખોલીને એણે જોઈ લીધું કે અંદરના ખાનામાં પેલો પત્ર તો છે ને! મેં તે અંદર મુકી જ દીધો હતો.

‘ દીકરા, ભગવાન તારું ભલું કરે! તેં મારા જીવનની અણમોલ મુડી મને પાછી મેળવી આપી. ’

‘ દાદા, ખરી મુડી તો હજી મારે તમને સોંપવાની બાકી છે. ’

અને અમારી સવારી પહોંચી માર્ગારેટના ઘરે. માર્ગારેટ તો ઉત્સુકતાથી તલપાપડ થતી બેઠી જ હતી.

બન્નેએ એકમેકને જોયાં, અને કેટલીયે વાર સુધી નીરખી-નીરખીને એકમેકને જોતાં જ રહ્યાં. પછી માર્ગારેટ બોલી ઉઠી, ‘ માઈકેલ, તું ? મારો માઈકેલ! ’ અને ઉછળીને એ માઈકેલને વળગી પડી. બન્નેને એકલાં મુકી હું બહાર નીકળી ગયો.

થોડા દીવસ પછી માઈકેલનો ફોન આવ્યો, ‘ અમે લગ્ન કરીએ છીએ. દીકરા, તારે તો હાજર રહેવાનું જ છે. તું મારો ફર્સ્ટ ફ્રેન્ડ (અણવર).’

આ ત્રીસ વરસનો અણવર, સાઠ વરસની દુલ્હન અને બાસઠ વરસના દુલ્હાના લગ્નમાં હમણાં જ હાજર રહી આવ્યો. તમનેય આ અનોખા પ્રેમ-મીલનમાં હાજર રહેવાનું ગમ્યું હોત ને.

--હરીશ્ચંદ્ર

(ઈન્ટરનેટ પરથી મરાઠીમાં રુપાંતરીત થયેલ મરાઠી વાર્તાને આધારે..)

તા.૧૬ જુન ૨૦૦૪ના ‘ભુમીપુત્ર’ના ૧૪૪૦મા અંકમાંથી સાભાર..

(ઉંઝા જોડણી અને કલાપી ફોન્ટમાં આ લખનારઃ ઉત્તમ ગજ્જર , સુરત. જુન ૨૦, ૨૦૦૪)